**Class : X**
Gujarati
Sample Question Paper

**Code No. 010**

| નોટ | NOTE |
|---|---|
| ➢ અ પ્રશ્નપત્ર બહુવિકલ્પ પ્રશ્નોના આધારીત છે.<br>➢ વિદ્યાર્થીઓ પ્રશ્નપત્રમાં કુલ 50 પ્રશ્નોમાંથી 40 પ્રશ્નો કરવાના રહેશે.<br>➢ સાચા જવાબ માટે બ્લ્યુ કે બ્લેક બૉલપેનથી જે તે વર્તુળને ઘટ્ટ કરવું. | ➢ The question paper shall be MCQs based only. Each MCQ shall carry 1 mark.<br>➢ The question paper shall be of total 40 marks. Time provided shall be 90 minutes.<br>➢ The students would attempt 40 questions out of the total 50 questions in the question paper.<br>➢ Please use the blue or Black ball pen for O.M.R Sheet.<br>➢ Total Marks - 40 |
| ➢ પ્રશ્નપત્રને ત્રણ વિભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે.<br>➢ વાચનવિભાગ – ૨ ગદ્યાંશ અને ૧ પદ્યાંશ લેવામાં આવ્યા છે.<br>➢ સાહિત્ય વિભાગ- ગદ્ય- પદ્ય તેમજ પૂરકવાચન સાથે...<br>➢ વ્યાકરણ<br>➢ આપેલી સૂચના પ્રમાણે પ્રશ્નોત્તર લખવાના રહેશે.<br>➢ કુલ ગુણ- ૪૦ | ➢ Reading Comprehension – 2 passages, 1-poetry)<br>➢ Literature-including purak vachan prose<br>➢ Grammar<br>➢ Question and answer should be written as per the giver instructions.<br>➢ Total Marks = 40 |
| | |

# ગુજરાતી

## ધોરણ-X (010)

સમય – ૯૦ મિનિટ — કુલ ગુણ :૪૦

Time: 90 Min. — M.M. – 40

**(Advanced Reading Skill)**

પ્રશ્ન-૧ (અ) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો. (૫)

આપણી પાસે બુદ્ધિની અને જ્ઞાનની આટલી બધી શક્તિઓ છે, છતાં જીવનનાં રહસ્યો વિશે આપણે ઓછું જાણીએ છીએ. એની ગુપ્ત પ્રક્રિયાઓ વિશે તો માત્ર કલ્પના જ કરી શકીએ છીએ પણ જીવનનું જે સૌંદર્ય છે તેનો આનંદ તો આપણે માણી શકીએ છીએ. આપણે ભલે દુર્બળ દેવ જેવું સર્જનકાર્ય પણ કરી શકીએ છીએ. આપણે ભલે દુર્બળ અને ભૂલો કરતાં મનુષ્યો હોઈએ, આપણો જીવનપટ ભલે નાનકડો અને અસ્થિરતાથી ભરેલો હોય, છતાં આપણામાં અમર દેવોના જેવું કોઈક તત્વ પણ છે. એટલે આપણે માનવ છીએ અને મર્ત્ય છીએ માટે માનવની રીતના અને મર્ત્ય તરીકેના જ વિચાર કરવા જોઈએ તેવું કહેનારની વાત માનવાની જરૂર નથી. આપણાથી બની શકે તેટલી આપણે અમરતાની સાધના કરવી જોઈએ અને આપણામાં જે સર્વોત્તમ મહત્વ રહેલું છે તેની સાથે મેળમાં રહીને જીવવાનો સંપૂર્ણ પુરુષાર્થ કરવો જોઈએ.

**પ્રશ્નો:-**

(૧) આપણી પાસે કઈ કઈ શક્તિઓ છે ?

(અ) ખાવાની ને પીવાની

(બ) બુદ્ધિની અને જ્ઞાનની

(ક) હસવાની ને રમવાની

(ડ) ચાલવાની

(૨) આપણે શું ઓછું જાણીએ છીએ ?

(અ) જીવનનું જ્ઞાન

(બ) જીવનનું મૂલ્ય

(ક) જીવનનું રહસ્ય

(ડ) જીવન જીવવું

(૩) આપણો જીવનપટ શેનાથી ભરેલો છે?

(અ) સુસ્થિર

(બ) સુસ્થિરતા

(ક) અસ્થિરતા

(ડ) આતુરતા

(૪) આપણામાં કોના જેવું તત્વ છે ?

(અ) રાક્ષસ

(બ) જાદુગર

(ક) દેવો

(ડ) દાનવો

(૫) આપણાથી બની શકે તેટલી આપણે શું કરવું જોઈએ?

(અ) અમરતાની સાધના

(બ) અસ્તિત્વની સાધના

(ક) આધ્યાત્મની સાધના

(ડ) આપેલા બધા જ

**પ્રશ્ન-૧ (બ) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો. (૫)**

દરેક બાળકોને દાદા-દાદીના ખોળામાં બેસીને વાતો સાંભળવાનું ગમતું હોય છે. મને યાદ છે કે અમે સૌ ભાઈઓ રાતના જમી પરવારીને દાદા-દાદી પાસે બેસીને પરીઓની રાજાઓની વફાદાર સૈનિક કે પછી પશુઓની વાતો સાભળતા. વીરપુરુષોની એ વાતો સાંભળીને કંઈક કરી છૂટવાનું મન થઈ જતું. વડીલો અમારી ખૂબ કાળજી રાખતાં. બાળપણની કેટલીક ફરમાઈશ પૂરી થતી તો ક્યારેક ન થતી ત્યારે સાતે વહાણ ડૂબી ગયા હોય એવું થતું. શૈશવમાં દિવ્યતાનો વાસ છે. શિશુની મન:સૃષ્ટિ સરળ અને સ્નેહપૂર્ણ હોય છે. જેની અણસમજમાંથી જીવનની ધન્યતા વહે છે. અને જે પોતાના ચિત્તમાં હંમેશા જગતનું આનંદથી પરિપૂર્ણ ચિત્ર રચે છે. એવા શિશુની નિખાલસ સમભાવ અને નિર્દોષ આનંદથી ભરેલી સ્નેહપૂર્ણ સરળ સૃષ્ટિ મને ગમે છે. શૈશવકાળ જગતની રંગભૂમિ પરનો જીવનના ત્રિઅંકી નાટકનો પ્રથમ અંક છે. અને એનું આછું પાતળું સ્મરણ થતાં આંખનો ખૂણો ભીનો થઈ જાય છે. બાળપણમાં કમળની પાંખડી જેવા મુલાયમ ગાલ પર માના સ્નેહભીના ચુંબનનો અભિષેક હજુ પણ યાદ આવી જાય છે. નિશાળે જવાનું કડવું ઝેર જેવું લાગે. રોજ શાળાનો સમય થાય અને શરીરનાં યંત્રોમાં અચાનક કોઈ બગાડ થાય. કેવું ભોળપણ, વડીલો ક્યારેક માની પણ જાય. સાંજે ગામના પાદરે જઈ લખોટીની રમતો, ગિલ્લીદંડા કે પછી ગેડીદડાની રમતો રમાય. દિવસ આથમી જાય ત્યાં સુધી રમતો પૂરી ન થાય. દીવાબત્તી ટાણું થાય ત્યારે વિશ્વનાથ મહાદેવના મંદીરની ઝાલર વાગે અને મા શોધતી શોધતી આવી ચડે, કાનપટ્ટી પકડીને ઘરે લઈ જાય. તે સ્નેહભીની માની બૂમ હજુ પણ યાદ આવે છે. હોળીના દિવસોમાં ગાંડીતૂર રંગલીલા માણવામાં, લાકડાં ચોરવામાં અને ઉત્તરાયણ પર પતંગોના પેચ અને માંજાની લૂંટાલૂંટમાં અમે હાજર હોઈએ જ.

પ્રશ્નો:-

(૬) દરેક બાળકને શું ગમતું હોય છે ?

(અ) રડવાનું

(બ) તરવાનું

(ક) ખોળામાં બેસીને વાતો સાંભળવાનું

(ડ) ધમાલ કરવાનું

(૭) સાતે વહાણ ડૂબી ગયા હોય એવું ક્યારે થતું ?

(અ) માંગ પૂરી ન થાય

(બ) નિશાળે જવાય

(ક) નિશાળે ન જવાય

(ડ) નિશાળમાંથી પાછા અવાય

(૮) શૈશવમાં કોનો વાસ છે ?

(અ) રાજાનો

(બ) ભગવાનનો

(ક) દિવ્યતાનો

(ડ) ભવ્યતાનો

(૯) શિશુની મન:સૃષ્ટિ કેવી હોય છે ?

(અ) સરળ અને સ્નેહપૂર્ણ

(બ) વિકરાળ

(ક) નિ:સ્વાર્થ અને ગંદી

(ડ) ચતુર અને ચાલાક

(૧૦) આંખનો ખૂણો ક્યારે ભીનો થાય છે ?

(અ) પડી જતાં

(બ) ખાવાનું ખાતા

(ક) સ્મરણ થતાં

(ડ) કચરું પડતાં

**પ્રશ્ન-૧ (ક) નીચેનું પદ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો. (૫)**

કોણ કહે છે:
આ ધરતી પર ક્યાંય કશે ભગવાન નથી !
કોણ કહે છે:
આ અવનિ પર ઈશ્વરનાં એંધાણ નથી !
રાતદિવસને સાંજસવારો
સદા નિયમસર આવે છે,
સૂરજ-ચાંદો નિયમિત જગને
તેજ થકી બહલાવે છે.
ચોમાસાનાં જલવર્ષા ને
વસંત રૂપ તણી રાણી,
ટાઢ શિયાળે, તાપ ઉનાળે –
ઋતુઓની કેવી લ્હાણી !
જીવન કેરાં અમૃત જેવાં
જળનાં મૂલ્ય અમૂલ્ય હો !

પ્રશ્નો:-

(૧૧) 'અવનિ' એટલે શું ?

(અ) ધરતી

(બ) નદી

(ક) નિશા

(ડ) ચાંદની

(૧૨) સદા નિયમસર શું આવે ?

(અ) ઈશ્વર

(બ) ચાંદો

(ક) સુરજ

(ડ) આપેલા ડ અને ક

(૧૩) કાવ્યમાં કઈ કઈ ઋતુઓનું વર્ણન છે ?

(અ) ચોમાસુ અને વસંત

(બ) શિયાળો

(ક) ઉનાળો

(ડ) આપેલા બધાજ

(૧૪) વિરોધી શબ્દ લખો – 'નિયમિત'

(અ) નિયમસર

(બ) અનિયમસર

(ક) અનિયમિત

(ડ) આપેલા બધા જ

(૧૫) જીવનનું અમૃત શું છે ?

(અ) આકાશ

(બ) વાયુ

(ક) જળ

(ડ) ખોરાક

## (Literature)

**પ્રશ્ન- ૨ નીચે આપેલા <u>કોઈપણ પંદર</u> પ્રશ્નોના સાચો વિકલ્પ શોધીને જવાબ લખો.** **(૧૫)**

(૧૬) ગગનમાં કોનો નાદ જાગે છે?

(અ) વાદળ

(બ) વીજળી

(ક) મોરલી

(ડ) પંખી

(૧૭) 'મોરલી' કાવ્યમાં વ્હાલો શબ્દ કોના માટે પ્રયોજાયો છે?

(અ) ચંદ્ર

(બ) સૂર્ય

(ક) શ્રીકૃષ્ણ

(ડ) શિવ

(૧૮) મીરાબાઈ કેવી રીતે દુઃખ દૂર થાય છે એમ કહે છે?

(અ) કૃષ્ણના દર્શનથી

(બ) ભજનથી

(ક) રાસ રમવાથી

(ડ) ગીત ગાવાથી

(૧૯) 'શું બકેચે?' આય તો ટિકિટ ઓફિસ છે?

(અ) સોરાબજી

(બ) ભદ્રંભદ્ર

(ક) હિન્દુ મુસાફર

(ડ) અંબારામ

(૨૦) કીચકનો વધ કોણે કર્યો?

(અ) અર્જુને ક

(બ) શ્રી રામચંદ્રજીએ

(ક) ભીમે

(ડ) શ્રીકૃષ્ણએ

(૨૧) રામશંકરના જણાવ્યા મુજબ તેમના ઘરનું નામ શું હતું?

(અ) રામજી

(બ) કમરખ

(ક) નખોદીઓ

(ડ) શંકરજી

(૨૨) 'પ્રયાણ' કૃતિના આધારે આપણા શરીરમાં પ્રાણવાયુ ક્યાં ભરેલો છે?

(અ) શ્વાસનળીમાં

(બ) નાકમાં

(ક) ફેફસામાં

(ડ) કમરખ જેવી દાબડીમાં

(૨૩) 'જીવન અંજલી થાજો' કાવ્યમાં કવિ ભૂખ્યા અને તરસ્યા માટે શું બનવાનું ઈચ્છે છે?

(અ) ઈશ્વર

(બ) ભોજન

(ક) જળ

(ડ) આપેલા બ અને ક

(૨૪) 'જીવન અંજલી થાજો' કાવ્યમાં કવિ દરેક સ્પંદને શું ઇચ્છે છે?

(અ) માતાના નામનું રટણ.

(બ) પિતાના નામનું રટણ.

(ક) સંતોના નામનું રટણ.

(ડ) પ્રભુના નામનું રટણ.

(૨૫) 'જીવન અંજલી થાજો' કાવ્યમાં કવિ સત્યની કાંટાળી કેડી પર શું બનીને પથરાવા કહે છે?

(અ) કાંટા

(બ) પથ્થર

(ક) રેતી

(ડ) પુષ્પ

(૨૬) તમારા અભ્યાસક્રમમાં આવતી કઈ કૃતિના કર્તા વિકાસ શર્મા છે?

(અ) મોરલી.

(બ) પ્રયાણ.

(ક) સામગ્રી તો સમાજની છે ને !

(ડ) અનોખું મૈત્રી પર્વ.

(૨૭) 'સામગ્રી તો સમાજની છે ને !' કૃતિમાં ફરીથી આવી ભૂલ ભવિષ્યમાં ક્યારેય ન કરવાની મક્કમતા સાથે લેખક અને તેમના દરેક મિત્ર એ શું કર્યું?

(અ) હોટલના વેઇટર ને બોલાવ્યો.

(બ) સોશ્યલ સિક્યુરિટી ઓફિસર પાસે માફી માંગી

(ક) 50 યુરોનો દંડ ભર્યો.

(ડ) ફોટોસ્ટેટ નકલ કાઢીને પોતાના ઘરની દીવાલ પર રાખી.

(૨૮) 'સામગ્રી તો સમાજની છે ને !' કૃતિમાં લેખક તેમના મિત્રો સાથે રેસ્ટોરન્ટ માંથી બહાર નીકળતા હતા ત્યારે કોણે તેમને બોલાવ્યા?

(અ) હોટલના વેઇટરે.

(બ) સોશ્યલ સિક્યુરિટી ઓફિસરે.

(ક) વૃદ્ધ સ્ત્રીઓ એ.

(ડ) યુવાન દંપતીએ.

(૨૯) ' હાથ મેળવીએ' કાવ્યનો પ્રકાર જણાવો.

(અ) લોકગીત

(બ) ગઝલ

(ક) ઉર્મિગીત

(ડ) પદ

(૩૦) એકમેકનો સાથ પામી સારા કર્મો કરવા છે અને તે દ્વારા પરસ્પરના હૃદયમાં સ્થાન પામવું છે- આવી શુદ્ધ પરિભાવના કવિએ કયા કાવ્યમાં રજૂ કરી છે?

(અ) મોરલી.

(બ) જીવન અંજલી થાજો.

(ક) જીવમાં જીવ આવ્યો.

(ડ) હાથ મેળવીએ.

(૩૧) ‘હાથ મેળવીએ’ કાવ્યમાં કવિ સારુ-નઠારું કામ કયા કારણસર કરતા હોવાનું જણાવે છે?

(અ) અજ્ઞાનથી

(બ) ઉતાવળથી

(ક) કંટાળાથી

(ડ) બીનઆવડતથી

(૩૨) ‘હાથ મેળવીએ’ કાવ્યમાં કવિ અજાણી વ્યક્તિના હાથના સહાયથી ક્યાં સુધી પહોંચવા ઈચ્છે છે?

(અ) તેમના ઘર સુધી.

(બ) દેવતાના મંદિર સુધી.

(ક) અજાણી વ્યક્તિના હૃદય સુધી.

(ડ) નજીકની હોસ્પિટલ સુધી.

(૩૩) ‘ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર કૃતિનો પ્રકાર જણાવો.

(અ) નવલિકા

(બ) નાટક

(ક) ચરિત્ર નિબંધ/રેખાચિત્ર

(ડ) ઉપર માંથી એક પણ નહીં.

(૩૪) ‘ભારતીય સંસ્કૃતિના જ્યોતિર્ધર કૃતિમાં ગુજરાતના ક્યાં પ્રેરણાપુરુષ વિશે વાત કરવામાં આવી છે?

(અ) ગાંધીજી

(બ) વીરચંદ ગાંધી

(ક) રાઘવજી માધડ

(ડ) કુમારપાળ દેસાઈ

(૩૫) ‘અનોખું મૈત્રીપર્વ’ કૃતિના કર્તા જણાવો.

(અ) પન્ના નાયક

(બ) હિમાંશી શેલત

(ક) સ્નેહી પરમાર

(ડ) કુન્દનિકા કાપડિયા

## (Applied Grammar)

**પ્રશ્ન- 3 નીચેના પ્રશ્નોમાંથી <u>કોઈ પણ દસ</u> પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

(૩૬) અનુગ ઓળખો : 'ગૌરાંગને તો કેનેડા જવું જ હતું.'

(અ) તો (બ) ને

(ક) જ (ડ) હતું

(૩૭) નામયોગી ઓળખો : 'કિશને વ્હાલી પત્ની ખાતર નવો ફ્લેટ ખરીદ્યો.'

(અ) ખાતર (બ) ફ્લે

(ક) પત્ની (ડ) કિશને

(૩૮) અનુગ ઓળખો : 'તેણે પત્રનો જવાબ કુરિયરથી મોકલ્યો.'

(અ) પત્ર (બ) જવાબ

(ક) તેણે (ડ) થી

(૩૯) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'અગાઉથી ચાલી આવતી રસમ'

(અ) પલાશ (બ) રૂઢિ

(ક) જતન (ડ) પ્રીત

(૪૦) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'પીળા રંગનું વસ્ત્ર'

(અ) વસન (બ) કફન

(ક) પીતાંબર (ડ) અંબર

(૪૧) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'કહી ન શકાય તેવું'

(અ) અકથ્ય (બ) અસહ્ય

(ક) જિજ્ઞાસા (ડ) અપથ્ય

(૪૨) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'પાણીમાં ઉત્પન્ન થતાં વલયો'

(અ) જળ (બ) લીલ

(ક) વમળ (ડ) કમળ

(૪૩) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : 'હલબલાવી સભાન બનાવવા'

(અ) જમણ (બ) વગોવવું

(ક) વખોડવું (ડ) ઢંઢોળવું

(૪૪) સમાનાર્થી શબ્દ શોધો : 'ઢબ'

(અ) પ્રકાર (બ) પદ્ધતિ

(ક) રીત (ડ) આપેલ તમામ

(૪૫) સમાનાર્થી શબ્દ શોધો : 'કીર્તિ'

(અ) ખ્યાતિ (બ) સંપત્તિ

(ક) ઉષ્મા (ડ) ધન

(૪૬) સમાનાર્થી શબ્દ શોધો : 'દીન'

(અ) દિવસ (બ) પ્રતિષ્ઠા

(ક) રંક (ડ) સૂરજ

(૪૭) સમાનાર્થી શબ્દ શોધો : 'નાદ'

(અ) અનાજ (બ) ભાર

(ક) વજન (ડ) સ્વર

(૪૮) નીચેના વિરોધી જોડકાંમાંથી ક્યું જોડકું ઉચિત નથી?

(અ) રક્ષણ × ભક્ષણ (બ) જય × પરાજય

(ક) અજ્ઞ × વિધ્ન (ડ) ધર્મ × અધર્મ

(૪૯) વિરોધી શબ્દ શોધો : 'કંજૂસ'

(અ) ધનવાન (બ) ઉડાઉ

(ક) મૂરખ (ડ) મજૂર

(૫૦) નીચેના વિરોધી જોડકાંમાંથી ક્યું જોડકું ઉચિત છે?

(અ) કીર્તિ × અકીર્તિ (બ) કીર્તિ × સુકીર્તિ

(ક) કીર્તિ × કુકીર્તિ (ડ) કીર્તિ × અપકીર્તિ